# અહેવાલ

તા.૨૬/૧૨/૨૦૨૨

વિષય: બેઝીક ઓફ ઇનોવેશન" તેમજ ઉદ્દિશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત કરિયર ગાઇડન્સ" સેમિનાર

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, જિ.નવસારી ખાતે તા.૨૬/૧૨/૨૦૨૨ને સોમવારના રોજ આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત ઇનોવેશન અને SSIP કલ્બ અંતર્ગત "બેઝીક ઓફ ઇનોવેશન" તેમજ ઉદ્દિશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત કરિયર ગાઇડન્સ" સેમિનારનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જે નિમિત્તે સુરતથી પધારેલા વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત શ્રી સતિષભાઇ પટેલ અને સાયન્સ કોલેજ ચીખલીથી પ્રા.ડૉ.પ્રદ્યુમનભાઇ પરમાર તેમજ NDRF ફાઉન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા જેમનો સંસ્થાના વડા ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ સૌનો શાબ્દિક પરિચય અને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. વિષયના અનુસંધાને વ્યાખ્યાન આપતા પ્રા.ડૉ.પ્રદ્યુમનભાઇએ વિદ્યાર્થીઓને સ્ટુડ્ન્ટ સ્ટાટપ ઇનોવેશન પોલિસી-૦૨, ૨૦૨૨ થી ૨૦૨૭ની ટર્મ વિશે માહિતગાર કર્યા તેમજ પાવર પૉઇન્ટ પ્રેજન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને ન્યુ આઇડિયા, ટેકનિકલ જરૂરિયાત, મદદરૂપ થવા માટે કોલેજ કક્ષાએ ઇનોવેશન અને SSIP કલ્બ કાર્યરત છે તે અંગે વિસ્તૃત માહિતિ આપી હતી.


વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત શ્રી સતિષભાઇ પટેલે કરિયર ગાઇડન્સ વિશે વિદ્યાર્થીઓને જણાવ્યુ કે" કારકિર્દીના ચાર પાયાના સિધ્ધાંતો, શું કરવું? શું વિચારવું? શું ન કરવું? કેવી રીતે કરવું? ખર્ચ, સમયની ગણતરી,પ્રતિષ્ઠા અને પૈસા તેમજ માંગ અને પૂરવઠાના નિયમ પ્રમાણે અભિગમ કે અભિરૂચિ અને ઇચ્છાશક્તિ મુજબ કામ કરો સફળતા ચોક્કસ મળશે પોતાના જીવનના વિવિધ ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપ્યુ હતુ. ઇનોવેશન અને SSIP કલ્બના કો-ઓડિનેટર પ્રા.જીગરકુમાર વી.પરમારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ અને સૌનો આભાર આભાર વ્યક્ત કર્યો હતો.

ARTS, COMMERCE & SCIENCE COLLEGE, KHERGAM DIST. NAVSARI

Principal
Government Arts, Commerce & Science College
Khergam, Ta. Khergam, Dist. Navsari
Cardex No. 630.

૨૬/૧૨/૨૦૨૨

તા. ૨૬/૧૨/૨૦૨૨ને સોમવાર, "બેઝીક ઓફ ઈનોવેશન" "કરિયર ગાઈડન્સ" સેમિનાર



સેમિનાર માટે પધારેલ વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત શ્રી સતિષભાઇ પટેલ અને સાયન્સ કોલેજ ચીખલીથી પ્રા. ડૉ. પ્રદ્યુમનભાઇ પરમાર તેમજ NDRF ફાઉંન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ, મહેમાનોનું સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અધ્યાપકો

GOVT. ARTS, COMMERCE & SCIENCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM
TAL. KHERGAM DIST. NAVSARI

Principal
Government Arts, Commerce & Science College
Khergam, Ta. Khergam, Dist. Navsari
Cardex No. 630.